લીમ્બાયત પોલીસ સ્ટેશનના ચોરીના ગુનામા નાસતો ફરતો આરોપીને પકડી પાડતી, ઉધના પોલીસ.

સુરત શહેરના ઉધના પો.સ્ટે. વિસ્તારમાં અનડીટેક્ટ ગુના શોધી કાઢવા સારૂ પો.સ્ટે. વિસ્તારમાં પોલીસ માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અ.હે.કો.ઝાકીર ગુલામનબી તથા અ.પો.કો.રઘુભાઈ ભોળાભાઈનાઓને બાતમી હકિકત મળેલ કે લીમ્બાયત પોલીસ સ્ટેશનમાં ચોરીના ગુનામાં નાસતા ફરતા આરોપી ઉધના રેલ્વે સ્ટેશન સામે ઉભેલો છે. વિગેરે બાતમી આધારે જગ્યા પર તપાસ કરતા ત્યાંજ કોર્ડન કરી, પકડી પાડી, સદર ઈસમે પોતાનું નામ મોહશીનખાન ઉર્ફે સોનું સોકતઅલી ખાન ઉ.વ.૨૪ રહે.બિલ્ડીંગ નં-એ/૩૬, રૂમ નં-૦૫, ભેસ્તાન આવાસ ડીંડોલી, સુરત મુળ –રેનુકોટ તા-થાના ચીંપરી જી-સોનભદ્ર (ઉત્તરપ્રદેશ)નો હોવાનું જણાવેલ જેથી પુછપરછ કરતા તેણે આજથી પંદરેક દિવસ પહેલા તેના મિત્રો સાથે મળી ઓટો રીક્ષામાં એક પેસેન્જરના ખીસ્સામાંથી નજર ચુકવી રૂ. ૨૦,૦૦૦/- કાઢી લઈ, સદર પેસેન્જરને નીચે ઉતારી ઓટો રીક્ષા લઈ નાસી ગયેલ, બાદ થોડી દુર જતા તેઓની ઓટૉરીક્ષા ખરાબ થઈ જતા ઓટોરીક્ષા ત્યાંજ મુકી નાશી ગયેલ હોવાની કબુલાત કરતો હોય, જે બનાવ અંગેની તપાસ કરાવતા લીમ્બાયત પો.સ્ટે. I ગુ.ર.નં.૨૮૭/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો વણશોધાયેલ ગુન્હો શોધી કાઢી, પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.